જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૭/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૧૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૬૭૬ લીટર દેશી દારૂ, ૧૪૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૯૮૭ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૯૧ બીયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ છોટા હાથી ગાડી, ૦૧ પીક–અપ ડાલું ગાડી અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૧ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૦,૨૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૧૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૧૩/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ કિશોરકુમાર માતાબદલ યાદવ (રહે. રવિપાર્ક ટેનામેન્ટ વિસત પેટ્રોલપંપ સામે ચાંદખેડા સાબરમતી) એ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૬ થી તા.૧૬/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧૮૨૮૨૮૨૬૯૪૬૭ ના ધારકે કિશોરકુમાર યાદવને વિડીયો કોલ તેમજ સાદો કોલ કરી બેંક ઓફ બરોડા કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી બેંક ઓફ બરોડાની તમામ બેંકીંગ સેવા ઘર બેઠા લેવા માટે BANK OF BARODA VERIFICATION-2 BIN તેમજ customer support.bin (1) નામની બનાવટી APK ફાઈલ કિશોરકુમાર યાદવના વોટ્સએપમાં મોકલી ડાઉનલોડ કરાવી કિશોરકુમાર યાદવના ફોનની બેન્કીંગ એપનો એક્સેસ મેળવી લઈ કિશોરકુમાર યાદવના અલગ–અલગ બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૧૫,૩૪,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૦૧૪/૨૦૨૬**

ચાંદખેડાઃ માનવ જયેશકુમાર પટેલ (રહે. સ્વ ગોકુલ તપોવન સર્કલ બહુચર કૃપા બંગલો પાસે ચાંદખેડા) એ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૬ રાતના ૦૮/૦૦ થી તા.૦૯/૦૭/૨૦૨૬ સવારના ૦૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોટેશ્વર ખાતે સંગાથ સ્કાય સામે મીકાસ બાય સંપદ નામની રેસીડેન્શીયલ સ્કીમની કન્ટેનર ઓફીસના લોખંડના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી અલગ–અલગ કંપનીના કોમ્પ્યુટર નંગ–૦૪ તથા એલ.ઈ.ડી. ટીવી નંગ–૦૧ તેમજ સ્ટેન્ડીગ ફેન–૦૧ મળી કુલ કિમત રૂપિયા ૧,૩૭,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૦૧૫/૨૦૨૬**

મણીનગરઃ સુનિતાબહેન વા/ઓ પુષ્પસેન પારેખ (ઉ.વ.૭૧) (રહે. લાલજીનગર સરદારબ્રીજ નીચે અડાજણ સુરત) એ તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૬ બપોરના ૦૨/૦૦ થી ૦૨/૩૦ વાગ્યા દરમ્યાન મણીનગર રેલવે સ્ટેશનથી જમાલપુર હબીબચોક સ્ટેશન રોડ સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ શટલ ઓટો રીક્ષાચાલકની મદદગારીથી સુનિતાબહેન પારેખની નજર ચુકવી સુનિતાબહેન પારેખના થેલામાંથી નાનુ પર્સ ચોરી કરી લીધું હતું. જે પર્સમાં સોના–ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૫,૦૭,૫૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૧૬/૨૦૨૬**

શહેરકોટડાઃ જીતુકુમાર મહેશભાઇ નિશાદ (ઉ.વ.૨૪) (રહે. અનિલ વકીલની ચાલી મહાકાળી ચોક પ્રેમનગર મેમ્કો) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૬ સવારના ૦૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મણીલાલ ચલાવે છે.

આનંદનગરઃ આનંદનગર ૧૦૦ ફુટ રોડ સીમા હોલની બાજુમા નાઇન યાર્ડ સેન્ટ્રલ ખાતે રહેતા હતા અને છુટક મજુરી કામ કરતા અજયભાઇ નગરાભાઇ માવી (ઉ.વ.૨૭) (મુળ વતન. શીંગા મહુડી ફળીયુ ગામ–ગુગરડી તા–ગરબાડા જી–દાહોદ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૭/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યા પહેલા નાઇન યાર્ડ સેન્ટ્રલ નામની સાઇટના પહેલા માળે ફાયર સેફટીની પાઇપ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિપકકુમાર ગાંડાલાલ ચલાવે છે.

એરપોર્ટઃ રમેશ સ/ઓ તિરુપતિ અગ્રવાલ (ઉ.વ.૪૭) (રહે. સિંધી કોલોની સી.જી.હાઇસ્કુલ રોડ સરદારનગર) નાઓ છેલ્લા છ વર્ષથી એકલવાયું જીવન જીવતા હોય મનમાં લાગી આવતા તા.૨૧/૦૭/૨૦૨૬ સવારના ૦૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી દિલીપસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી